**તુલા (ર,ત) :** અચાનક શરૂ થયેલા ઝઘડાથી આશ્ચર્ય થશે. પરિસ્થિતિને થાળે પાડવા ધીરજ અને કુનેહથી વર્તવું પડશે. ચૂપ રહેવાનું તમારા સ્વભાવથી વિરૂધ્ધ છે. આથી જ્યારે પણ કોઈ વિષય પર બોલવાની તીવ્ર ઈચ્છા જાગે ત્યારે બોલી નાખજો. મનમાં ઈર્ષાની ભાવના રાખશો તો કોઈ ફાયદો નહી મેળવી શકો એ વાત હવે તમે સારી રીતે સમજી ગયા છો. કોઈપણ પ્રકારની રમત રમવાનો પ્રયાસ ન કરો અને સરળ બનો એવી મારી ખાસ સલાહ છે. ખાવાપીવામાં ધ્યાન રાખજો અન્યથા બીમાર પડી શકો છો. આગામી થોડા દિવસ છેતરપિંડીથી સાવધ રહેજો. ખાસ કરીને પ્રવાસ દરમ્યાન માલ-સામાનનું ધ્યાન રાખજો.

**વૃશ્ચિક (ન,ય) :** તમારી આસપાસ ઊભી થયેલી વિચિત્ર પરિસ્થિતિ મનમાં મૂંઝવણ ઊભી કરશે. પરિણામે તમે કોઈ ખોટો નિર્ણય લો એવી સંભાવના છે. પ્રિયજન સાથે જીદ્દથી અને કડકાઈથી વર્તો એવું પણ બને. જેમના પર વિશ્વાસ હોય એવી કોઈ વ્યક્તિની સલાહ જરૂર લેજો. તમારી અસ્વસ્થતા ઓફિસમાં કે સંબંધોમાં કટોકટી ઊભી કરશે. આક્રમક કે ઊધ્ધત બનશો તો દુશ્મનો ઊભા થશે. સમાધાનકારી વલણ એ આજના સમયનો તકાજો છે, એ સમજી લેવાનો સમય છે. બાકી રહેલા કાર્યો પૂરા કરવાની જવાબદારી પાર પાડવી પડશે એ માટે તૈયાર રહેજો. અકસ્માતના કે માંદગીના યોગ છે.

**ધન (ભ,ધ,ફ,ઢ) :** સક્રિય બનીને કાર્યોને આગળ વધારવાનો સમય આવી ગયો છે. મનમાં ભરપૂર વિચારો ઊઠી રહ્યા છે. જોકે કોઈક કારણસર તમે એનો અમલ વિલંબમાં મૂકી રહ્યા છો, જે યોગ્ય નથી. જવાબદારી લેતા ડરો નહી અને ઉત્સાહથી આગળ વધો એવી મારી સલાહ છે. એકાંતમાં રહેવાની તમારી વૃત્તિને પરિણામે ઘરમાં સમસ્યા ઊભી થઈ છે. જોકે સ્થિતિસ્થાપક-સમાધાનકારી વલણ અપનાવશો તો ફાયદામાં રહેશો. એકાદ સંબંધમાં સામેની વ્યક્તિ કદાચ તમારી ઊદારતાનો ગેરલાભ ઊઠાવે એવી શકયતા છે. વધુ પડતી ત્યાગની ભાવના ન રાખો અને પ્રેક્ટિકલ બનો. વાહન લેવાનું વિચારી શકો છો.

**મકર (ખ,જ) :** જીવન આગળ વધી રહ્યું છે અને આસપાસ પુષ્કળ કાર્યો હાથ ધરવાના બાકી છે. વ્યવસાયમાં વિગતો પ્રત્યે ધ્યાન આપવાની તમારી કુશળતા અને તાર્કિક અભિગમ ધારી સફળતા અપાવશે એમ દેખાય છે. હાલ નવા લોકોને મળવાની તક ઝડપી લેજો. નોકરીની અન્ય એક ઓફર સ્વીકારી લેવા મનમાં ઊંડે ઊંડે ઈચ્છી રહ્યા છો. જોકે હાલની કંપની પ્રત્યેની વફાદારીને કારણે ઓફર સ્વીકારતા નહીં હો. પરિવારમાં ઊજવણીનો કોઈ પ્રસંગ ઊભો થશે. જોકે આવી ઊજવણી વિશેનો તમારો અભિપ્રાય અન્ય એક મેમ્બરને નહી ગમે. એકાદ દિવસ માટે તમારા મતભેદને બાજુએ મૂકી દેવાનો પ્રયાસ કરો. માતા કે પિતાની તબિયત સહેજ અસ્વસ્થ રહેશે.

**કુંભ (ગ,સ,શ,ષ) :** સંઘર્ષના સમય પછી હવે રાહતના અણસાર મળી રહ્યા છે. સહેજ નબળા બનેલા સંબંધો કે લાગણીઓને દૃઢ બનાવવા આ સમય પરિવાર માટે ફાળવજો. આધ્યાત્મિક વિકાસની દિશામાં મોટી છલાંગ લગાવી શકશો. હવે મનમાં કોઈ ભ્રમ રહ્યો નહી હોય. સાચો આનંદ તમારી અંદર જ છે એ તમે હવે જાણી ચૂક્યા છો. ખુદમાં અને તમારી સર્જનશક્તિમાં વિશ્વાસ રાખો અને આગળ વધો એવી મારી સલાહ છે. સટ્ટાનો ધંધો તમારા માટે નથી એટલું તો તમે હવે સમજી ગયા છો. સલામત સ્કીમોમાં રોકાણ કરી સંપત્તિ ઊભી કરશો તો લાભમાં રહેશો. અપરિણીતો માટે લગ્નની દશાનો સમય શરૂ થઈ ચૂક્યો છે.

**મીન (દ,ચ,ઝ,થ) :** ખરેખર જરૂર છે એ કરતા વિશેષ ઈશ્વર તમને આપશે. જેટલું લણાય એટલું લણી લેવાનો આ સમય છે. નિકટની કોઈ વ્યક્તિના બદલાયેલા અભિગમને કારણે સંઘર્ષનું વાતાવરણ ઊભું થયું છે. તમારે મન પૈસા કરતા પણ પરિવાર વધુ મહત્ત્વનો હોવાથી પીડા અનુભવશો. મગજ સમતોલ રાખશો અને કલ્પનાશક્તિનો ઊપયોગ કરશો તો શક્તિને ઈચ્છા મુજબ વાળી શકશો. ધીરજ ધરવાથી અને મોટું મન રાખવાથી પણ ભાવનાત્મક જીવનમાં લાભ થશે એમ દેખાય છે. ભવિષ્ય માટે ફરજિયાત બચત કરવાનો નિર્ણય ડહાપણભર્યો રહેશે. ખાવાપીવામાં કાળજી રાખો અને કસરત કરો તો સારું.

## મુલુંડ ઈસ્ટ વ્યાપારી એસોસિએશન વેલફર ટ્રસ્ટ દ્વારા મેવા કેમોથેરપી ડે-કેર સેન્ટરનું થશે લોકાર્પણ

મુલુંડ ઈસ્ટ વ્યાપારી એસોસિએશન વેલફર ટ્રસ્ટ દ્વારા જનકલ્યાણ સેવાના નૂતન પગલાં રૂપે શ્રીમતી જયાબેન સુંદરજી મૂલજી શાહના યોગદાનથી અને માતુશ્રી હંસાબેન દામજી મેઘજી સોની પરિવાર તથા માતુશ્રી ભચીબાઈ શામજી વિશ્રામ સોતા પરિવારના સહયોગથી મેવા કેમોથેરપી ડે કેર સેન્ટરનું સ્થાપન ૫, સોતા ભુવન, ૧લે માળે, લોકમાન્ય તિલક માર્ગ, રેલવે સ્ટેશન નજીક, મુલુંડ (પૂર્વ) સ્થળે કરાયું છે. જેનું લોકાર્પણ આવતી કાલ ગુરૂવાર તા.૨૪ ઓક્ટોબરના સવારે ૧૧ કલાકે પ.પૂ.સતશ્રીના શુભ હસ્તે કરાશે. આ પ્રસંગે મેવા દ્વારા જનકલ્યાણ સેવાના નૂતન સોપાનને આશીષ આપવા પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.

## જૈન સોશ્યલ ગ્રુપ-મુલુંડ દ્વારા શરદોત્સવ ૨૦૨૪-૨૫

જૈન સોશ્યલ ગ્રુપ-મુલુંડનો આગામી પ્રોગ્રામ શરદોત્સવ ૨૦૨૪ કાર્યક્રમ શુક્રવાર, તા.૨૫ ઓક્ટો. સાંજે ૫ થી ૯ કલાકે સારસ્વતવાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ) સ્થળે રાખવામાં આવ્યો છે. શરદ પૂનમ ઉજવણી પ્રસંગે દૂધપૌંવા, ફાસ્ટ ફૂડ અને આઈસ્ક્રીમ મેલા તથા ચાટ કાઉન્ટરનું આયોજન કરવામાં આવ્યું છે. સભ્યો માટે ખાસ રાસગરબાનું આયોજન છે જેમાં ભાગ લેવા માટે સૌને સમયસર હાજર રહેવા વિનંતી. પ્રોગ્રામ ટ્રાન્સફરેબલ નથી. મેમ્બર સિવાય અન્ય કોઈ આ પ્રોગ્રામમાં આવી શકશે નહીં, જેની નોંધ લેવી. આ કાર્યક્રમની લિંક https://youtube.com/live/uFuwUSzzRN8?feature=share ઉપર ક્લિક કરો. સંપર્કઃ પ્રમુખ જયંતીલાલ મૈશેરીઃ ૯૮૧૯૭૪૮૨૫૦.

## શ્રી મુલુંડ ચેકનાકા વાગલે ઈસ્ટેટ અચલગચ્છ જૈન સંઘમાં આયંબિલની ઓળીની આરાધના

આ વર્ષે પ.પૂ.ગુરુ ભગવંત તપસ્વીદ્રય પ.પૂ. મુનિરાજ શ્રી તત્વરક્ષિતસાગરજી મ.સા. તથા પ.પૂ.મુનિરાજ શ્રી હેમરક્ષિતસાગરજી મ.સા.ની શુભ નિશ્રામાં આસો માસની આયંબિલની શાશ્વતી ઓળીની આરાધના થઈ. રોજ સવારના ગુરૂ ભગવંત વ્યાખ્યાન વાણીનો લાભ આપી ત્યારબાદ રોજ ખૂબ જ સુંદર સિધ્ધચક્રની સમૂહ આરાધના કરાવતા હતા. આ આયંબિલની ઓળી દરમ્યાન મુલુંડ ચેકનાકામાં રહેલ બધા જ ફિરકાના જૈન બાંધવો એ પ.પૂ.ગુરુ ભગવંતની શુભ નિશ્રામાં એક નેજા હેઠળ ભેગા મળીને આયંબિલની તપસ્યા કરી. અને સોનામાં સુગંધ ભળે એમ ગોવર્ધન નગર અચલગચ્છ સંઘનો પણ સાથ મળ્યો. મોટી સંખ્યામાં આયંબિલની તપસ્યા થઈ. રોજ લગભગ રેકોર્ડબ્રેક ૯૦ જેટલા તપસ્વીઓ આયંબિલ કરતા જેમાં ૭૦ જેટલા ઓળીના તપસ્વી હતા. તા. ૧૮ ઓક્ટોબરને શુક્રવારે સવારના આયંબિલની શાશ્વતી ઓળી કરનારા તપસ્વીઓના પારણાનું આયોજન શ્રી સંઘની મહાજનવાડીમાં કરાવવામાં આવેલ.

સવંત ૨૦૮૦ ની આસો માસની આ આયંબિલની શાશ્વતી ઓળીના મુખ્યદાતાનો લાભ લહાવો રાજેશભાઈ અને જયશ્રીબેનની ૫૧મી વર્ધમાન તપની ઓળીની અનુમોદનાર્થે માતુશ્રી હંસાબેન વસનજી ભાણજી છેડા પરિવાર (મોટા આસંબિયા-મુલુંડ) હસ્તે શ્રીમતિ સરલાબેન મુકેશભાઈ છેડા, શ્રીમતિ ઈલાબેન મનોજભાઈ છેડા, શ્રીમતિ જીનલ ભવ્ય છેડા ભાગ્યશાળી પરિવારે લીધેલ

ભાગ્યશાળી દાતા પરિવારની તથા અન્ય પણ ભાગ્યશાળી પરિવારો એ યથાશક્તિ એમનો અમૂલ્ય ફાળો આયંબિલ ખાતે લખાવેલ એ સૌની શ્રી સંઘ ભૂરી ભૂરી અનુમોદના કરી હતી.

ઉત્સાહ અને ઉલ્હાસભેર ઓળીની ઉજવણી કરવા બદલ સૌ જૈન બાંધવોનો અને દાતા પરિવારનો સહકાર મળ્યો હતો. આગળ પણ સૌનો આવો જ સુંદર સાથ સહકાર મળતો રહેશે એ જ અભિલાષા. માનદમંત્રીઓ : ચેતન ધનજી વિસરીયા (ભોજાય) યોગેશ હિંમતલાલ ગંગર (નાંગલપુર) દ્વારા વ્યક્ત કરાઈ હતી.

Click Here

# સદભાવના વૃદ્ધાશ્રમ ૩૦૦ કરોડના ખર્ચે વિશ્વનું સૌથી મોટું નિઃશુલ્ક વૃધ્ધાશ્રમ બનાવશે

૧૦ ઓક્ટોબર ગુરૂવારે રાજકોટનું સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા રામપર ખાતે એક નવું, આધુનિક વૃદ્ધાશ્રમ બનાવવાનું ભૂમિપૂજન કર્યું. આ વૃદ્ધાશ્રમ રાજકોટ-જામનગર હાઇવે પર ૩૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવી રહ્યું છે અને તે વિશ્વના સૌથી મોટા વૃદ્ધાશ્રમોમાંનું એક રહેશે. ૩૦ એકરના વિશાળ ક્ષેત્રમાં ફેલાયેલું આ આશ્રમ ૭ ટાવર્સ સાથે બનશે, દરેક ટાવરમાં ૧૧ માળ હશે અને કુલ ૧૪૦૦ ઓરડાઓ હશે. તેનો મુખ્ય હેતુ ૫૦૦૦ નિ:સંતાન, બીમાર, અપંગ અને પથારીવશ વૃદ્ધોને જીવનભર




મફત આશ્રય અને સંભાળ પૂરી પાડવાનો છે.

આ આશ્રમ તમામ ધર્મ, જાતિ અને સમુદાયના લોકોનું સ્વાગત કરશે. તેમાં અનેક સુવિધાઓ હશે, જેમ કે એક મંદિર, એક વિશાળ ''અન્નપૂર્ણા'', વાચનાલય, કસરત અને યોગા માટેના રૂમ, દવાખાનું, સમુદાય હોલ અને સુંદર બગીચાઓ. રાજકોટમાં ૧૦ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચાલી રહ્યું છે અને હાલમાં ૬૫૦ નિ:સંતાન વૃદ્ધોની સંભાળ કરી રહ્યું છે, જેમાંથી ૨૦૦ સંપૂર્ણ રીતે પથારીવશ છે.

આ સંસ્થા પર્યાવરણના પ્રયાસોમાં પણ સક્રિય છે અને તે ગુજરાતમાં ૩૦ લાખથી વધુ વૃક્ષો રોપી ચૂક્યું છે. તેમનો લક્ષ્ય ભારતમાં ૧૫૦ કરોડ વૃક્ષો લગાવવાનો છે. સાથે સાથે, તેઓ ૧૫૦ અપંગ અને અનાથ કૂતરાઓ માટે ડોગ શેલ્ટર અને ૧૬૦૦ અનાથ ઢોર માટે એક અભયારણ્ય પણ ચલાવે છે. આ સંસ્થા મફત પશુ હોસ્પિટલ અને ''ના લાભ, ના નુકશાન'' ધોરણ પર કાર્યરત એક મેડિકલ સ્ટોર પણ ચલાવે છે.

નવી પહેલના સમર્થનમાં શ્રી મોરારી બાપુ દ્વારા ૨૩ નવેમ્બરથી ૧ ડિસેમ્બર સુધી રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે ૮ દિવસની વૈશ્વિક રામકથાનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમનો હેતુ વૃદ્ધો અને વૃક્ષારોપણ પ્રત્યે જાગૃતિ લાવવાનો છે અને તેમાં સમાજના અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, રાજકીય હસ્તીઓ, દાનવીર અને વિશ્વભરના સક્રિય કાર્યકરો સામેલ થશે.

હિંદુ ધર્માચાર્ય મહાસભાના આંતરરાષ્ટ્રીય સંકલનકર્તા અને સદભાવના વૃધ્ધાશ્રમના સંરક્ષક શ્રી સ્વામી પરમાત્માનંદ સરસ્વતીએ વૃદ્ધોની સંભાળ માટે સમુદાયના સહકારની વધતી જતી જરૂરિયાતને પુરવાર કરતા કહ્યું, ''આજની દુનિયામાં વરિષ્ઠ નાગરિકો પ્રત્યે યુવા પેઢીનું ધ્યાન ઓછું થઈ રહ્યું છે. આવા પ્રયાસોમાં સમુદાયની ભાગીદારી અત્યંત મહત્વની છે, જેથી નિસંતાન વૃદ્ધો અને અનાથોને જરૂરી સહાય મળી રહે.''

માનવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટના શ્રી મિતલ ખેતાણીએ જણાવ્યું કે, અમે ૬૦ વર્ષથી વધુ વયના લોકોને સ્વાગત કરીએ છીએ, જે સામાજિક કે શારીરિક રીતે નબળા છે. સદભાવના આશ્રમ તેમને મફતમાં સારા દરજ્જાની સંભાળ અને સુવિધાઓ પૂરી પાડશે. અહીં ઘણા વૃદ્ધોને સાથીઓ મળતા હોવાથી તેમને આનંદ અને શાંતિ અનુભવાય છે. આ પ્રસંગે આયોજિત પત્રકાર પરિષદમાં બોમ્બે સ્ટોક એક્સચેન્જના ભૂતપૂર્વ પ્રમુખ, બીએસઈ બોર્ડના પ્રથમ મહિલા નિયામક, ભૂતપૂર્વ ડિરેક્ટર શ્રીમતી દીના મહેતા અને એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયા, ભારત સરકારના સભ્ય ડો. ગીરીશ શાહ સહિતના શુભેચ્છકો પણ હાજર રહ્યા હતા. સદ્‌ભાવના વૃધ્ધાશ્રમ વિશેષ વધુ માહિતી માટે સંપર્ક મિતલ ખેતાણી-૯૮૨૪૨૨૧૯૯૯.




મહારાષ્ટ્ર બેકરી
નાન ખટાઈ બનાવીને
અને બેકડ કરીને મળશે
ડમ્પિંગ રોડ, ગાલા કંપની પાસે,
મુલુંડ (વેસ્ટ)
99305 11916
88987 86915

જોઈએ છે
મુલુંડ વેસ્ટમાં નવા ખુલેલા
કિંગ વર્લ્ડ Men's અને
Ethnic Wearના શોરૂમ માટે
અનુભવી કાઉન્ટર સેલ્સમેન
તેમજ મેલ/ફિમેલ કેશીયર
તુરંત જોઈએ છે.
કોમ્પ્યુટરનું નોલેજ હોવું જરૂરી છે.
કિંગ વર્લ્ડ-98929 44090




Click Here

## ઍશફોર્ડ રોયલમાં કરવાચોથની ઉજવણી





મુલુંડ ગોરેગાવ લિંક રોડ સ્થિત ઍશફોર્ડ રોયલ સોસાયટીમાં રવિવાર, તા. ૨૦ ઓક્ટોબરના કરવાચોથની ઉજવણી કરવામાં આવી હતી. સોસાયટીની રહેવાસી તમામ માનુનીઓ ખુબ સુંદર તૈયાર થઈને વિધિપૂર્વક પૂજા કરી હતી. તેમજ હસી ખુશી સાથે ઘણીબધી ગેમ્સ સાથે હાઉઝી અને સેલ્ફીની મોજ માણી હતી.

## ગોલ્ડન એજ ગ્રુપનો ઓગણીસમો પ્રોગ્રામ યોજાયો



ગોલ્ડન એજ ગ્રુપનો ઓગણીસમો પ્રોગ્રામ તા.૧૦ ઓક્ટોબર ગુરૂવારના સાંજે ૪ થી ૬ દરમ્યાન વિકાસ સેન્ટર આર્ય નિવાસ ટ્રસ્ટ હોલમાં આયોજિત કરવામાં આવ્યો હતો. ૮૦ જેટલા મેમ્બરોએ હાજરી આપી હતી. નવરાત્રીના તહેવાર નિમિત્તે ગરબા રમાડવા માટે સુર મંજુલા ગ્રુપના કલ્પેશભાઈ અને કૃષ્ણાબેનને આમંત્રિત કર્યા હતા. શરૂઆત માતાજીની આરતી કરવામાં આવી અને પછી ઉદ્યોગપતિ રતન ટાટાને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા માટે બે મિનિટ મૌન પાડવામાં આવ્યું હતું. આ મહિનામાં જેમના જન્મ દિવસ આવી રહ્યા છે તેઓને શુભેચ્છાઓ આપવામાં આવી તે પછી ગરબા અને રાસની રમઝટ કરવામાં આવી હતી. દરેક મેમ્બરોએ તેમાં ભાગ લઇને ખુબ ધમાલ મચાવી હતી. કાર્યક્રમ અંતે નાસ્તો સુર મંજુલા ગ્રુપ દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો અને આઇસ્ક્રીમ હસમુખભાઈ વસા તેમ જ રમેશભાઈ ઉમરાણીયા તરફથી આપવામાં આવી હતી. ગોલ્ડન એજ ગ્રુપને આર્ય નિવાસ હોલ માટે સંદિપભાઇ પોપટનો તેમજ ખુરશી ટેબલ માટે અંકિતા ડેકોરેશનના જીતુભાઈનો સહયોગ મળ્યો હતો.

## ઈન્નરવ્હીલ ક્લબ ઓફ મુલુંડ હિલ્સ તથા ડોનર્સની સહાયથી 'શિક્ષકોનું સન્માન' કાર્યક્રમ યોજાયો



અન્ય તસ્વીરમાં ઈનર વ્હીલ ક્લબ દ્વારા પુરસ્કૃત શિક્ષકો સાથે પ્રેસિડન્ટ શ્રીમતી વિધિ મોટવાની, તત્કાલીન ઈ.ઓ.શ્રી ડો.કેળુસકર સર, ભાવનાબેન શેઠ શ્રીમતી મીતાબેન તથા સંદીપભાઈ પોપટ, બી. ઓ શ્રીમતી નિશાને ઈત્યાદી દ્રષ્ટિમાન થાય છે.



'મુલુંડ આઈકોન' ટ્રોફી થી શ્રીમતી ભાવનાબેન શેઠને સન્માનિત કરતા ઈન્નર વિલ ક્લબના પ્રેસિડન્ટ શ્રીમ વિધિ મોટવાની, તત્કાલીન ઈ.ઓ.ડો ફિઝિકલ બી.ઓ.શ્રીમતી નિશાને, શ્રીમતી ગુરૂ શરણ માનદ ટ્રસ્ટી સંદીપભાઈ પોપટ તથા શ્રીમતી મીતા પોપટ.

## રચના મહિલા મંડળ દ્વારા ૩૫મા વર્ષનો પ્રથમ પ્રોગ્રામ



તા.૨૮ સપ્ટેમ્બર શનિવારના મુલુંડના જી.એસ.શેટ્ટી હૉલમાં ક્ષમાપનાનો વાર્ષિક પ્રોગ્રામ યોજાયો. મહિલા મંડળ સભ્યોના અન્યન સાથ સહકારથી ૩૪ વર્ષ પૂરા કરી પ્રભાવશાળી પાંત્રીસમાં વર્ષમાં પ્રવેશ કર્યો છે.

કાર્યક્રમની શરૂઆત નવકાર મંત્ર પઠનથી થઈ. એકબીજાને ખમતખમણા કરી તપસ્વીઓનું બહુમાન કર્યું. મંડળનો સંક્ષિપ્ત અહેવાલ રજૂ કરવામાં આવ્યો. વિજયાબેન વિજય વિકમશીનું પ્રમુખપદ કાર્યકાળ પૂર્ણ થતા નવા પ્રમુખ તરીકે હર્ષાબેન પ્રતાપ ધરમશીને પદાસિન કરાયા. સાથો સાથ સેક્રેટરી તરીકે હેતલ ગિરીશ ધરમશી અને ટ્રેઝરર તરીકે પોલોમી યોગેશ ધરમશીની વરણી કરાઈ.

પ્રોગ્રામમાં લા કાર્નિવલ ગેમ કલ્પનાબેન ધરમશી અને તેમની ટીમએ રમાડી હતી. નાના મોટા સૌ ગેમ રમવાનો આનંદ માણ્યો હતો. વિજેતા થયેલ ટીમને ઈનામથી નવાજવામાં આવેલ ઈનામના દાતા શ્રીમતી હર્ષાબેન પ્રતાપ ધરમશી હતા. સાથે પાંચ લક્કી ડ્રો વિજેતાને પણ ઈનામ અપાયા હતા.

## મિહિર કોટેચાને વિધાનસભા ઉમેદવારી મળતાં શુભેચ્છા અપાઈ



મુલુંડ વિધાનસભા ક્ષેત્રમાંથી ભાજપ તરફથી વિધાનસભ્ય મિહિર કોટેચાને પુનઃઉમેદવારી મળતાં કચ્છી લોહાણા યુવા અગ્રણી તથા શ્રી કચ્છી લોહાણા વિશ્વ મંચના ઉપપ્રમુખ ભરત મહીંધર, શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈના ટ્રસ્ટી હરેશ રવજી મજેઠીયા, અને રઘુ સાથી સેનાના સ્થાપક પ્રમુખ ચંદ્રેશ જેઠાલાલ મજેઠીયાએ અભિનંદન આપી વિજેતા થવાની શુભકામના આપી હતી.

## શું આપનો આહાર પ્લેટલેટ કાઉન્ટ વધારવામાં મદદ કરે છે?



સ્વાસ્થ્ય સુધા

લેખક
રીટા જૈન
9819070772
DIETICIAN
(Msc. In food science and diatetics), specelization in Diebeties educator, yoga and wellness coach.

હા, અમુક ખોરાક ડેન્ગ્યુ તાવ દરમિયાન પ્લેટલેટની સંખ્યામાં વધારો કરવામાં મદદ કરી શકે છે, જો કે ખોરાક એ ડેન્ગ્યુ રોગનો સીધો ઈલાજ નથી. ડેન્ગ્યુ તાવમાં ઘણીવાર પ્લેટલેટની સંખ્યામાં ઘટાડો થઇ જાય છે.જો કે ડેન્ગ્યુ તાવમાં તબીબી સારવાર આવશ્યક છે, છતાં ચોક્કસ પોષક તત્વોથી સમૃદ્ધ ખોરાક લેવાથી તે સ્વાસ્થ્યની પુનઃપ્રાપ્તિ પ્રક્રિયામાં મદદ મળી શકે છે. આ ખોરાક રોગપ્રતિકારક શક્તિને વધારવામાં, બળતરા (ઇન્ફલેમેશન) ઘટાડવામાં અને એકંદર આરોગ્યને ટેકો આપવામાં મદદ કરી શકે છે. ડેન્ગ્યુ દરમિયાન પ્લેટલેટની સંખ્યા વધારવામાં મદદ કરવા માટે માનવામાં આવતા કેટલાક ખોરાકમાં નીચેનાનો સમાવેશ થાય છે:

**પપૈયાના પાનનો રસ:** ડેન્ગ્યુમાં પ્લેટલેટની સંખ્યામાં સુધારો કરવા માટે પપૈયાના પાંદડાનો વ્યાપકપણે ઉપયોગ થાય છે. અભ્યાસો સૂચવે છે કે પપૈયાના પાંદડાનો રસ પ્લેટલેટના ઉત્પાદનને વધારી કરી શકે છે અને ડેન્ગ્યુ તાવમાંથી સ્વાસ્થ્યની પુનઃપ્રાપ્તિમાં મદદ કરી શકે છે.

**દાડમ:** આયર્ન અને એન્ટીઑકિસડન્ટોથી ભરપૂરદાડમ ડેન્ગ્યુ દરમિયાન બ્લડ પ્લેટલેટની સંખ્યામાં વધારો કરવામાં અને એકંદર ઊર્જા સ્તરને સુધારવામાં મદદ કરે છે તેવું માનવામાં આવે છે.

**કોળુ:** કોળુ વિટામિન 'એ'થી ભરપૂર છે, જે પ્લેટલેટ્સના ઉત્પાદનમાં મદદ કરે છે અને રોગપ્રતિકારક શક્તિને ટેકો આપે છે.

**સીટ્રસ ફળો (લીંબુ, નારંગી):** સીટ્રસફળોમાં વિટામિન 'સી'નું પ્રમાણ વધુ હોય છે, જે તંદુરસ્ત રોગપ્રતિકારક શક્તિ માટે જરૂરી છે. વિટામિન 'સી' શરીરને આયર્નને શોષવામાં પણ મદદ કરે છે, જે પ્લેટલેટના ઉત્પાદનમાં ભૂમિકા ભજવે છે.

**પાલક અને અન્ય પાંદડાવાળા શાકભાજી:** વિટામિન 'કે'થી ભરપૂર, પાલક લોહીના ગંઠાઈ જવામાં મદદ કરી શકે છે અને પ્લેટલેટના કાર્યને ટેકો આપી શકે છે.

**એલોવેરા જ્યુસ:** એલોવેરા લોહીના સ્વાસ્થ્યને સુધારે છે અને રોગપ્રતિકારક શક્તિને વેગ આપે છે, જે પરોક્ષ રીતે પ્લેટલેટ કાઉન્ટ વધારવામાંમદદ કરે છે તેવું માનવામાં આવે છે.

**બીટરૂટ:** બીટરૂટમાં એન્ટીઑકિસડન્ટસ હોય છે અને એવું માનવામાં આવે છે કે તે બ્લડ કાઉન્ટમાં વધારો કરે છે અનેસંભવતઃ પ્લેટલેટ્સની પુનઃપ્રાપ્તિમાં મદદ કરે છે.

**ગાજર અને વ્હીટગ્રાસ જ્યુસ (ઘઉંના જવારાનો રસ):** આ બન્ને પોષક તત્વોથી ભરપૂર છે જે રોગપ્રતિકારક શક્તિ અને રક્ત ઉત્પાદનને ટેકો આપે છે, જે પ્લેટલેટ કાઉન્ટમાં સુધારો કરવામાં મદદ કરી શકે છે.

જો કે આ ખોરાક પ્લેટલેટ્સ કાઉન્ટ વધારવામાંમાં મદદ કરી શકે છે, છતાંતેમનો ઉપયોગ યોગ્ય તબીબી સારવારના પૂરક(કોમ્પ્લિમેન્ટરી) તરીકે થવો જોઈએ, તબીબી સારવારના બદલે (રિપ્લેસમેન્ટ તરીકે) નહીં. પ્લેટલેટ કાઉન્ટનું નિયમિત નિરીક્ષણ કરવું અને ડેન્ગ્યુ માટે યોગ્ય તબીબી સારવાર લેવી મહત્વપૂર્ણ છે. પપૈયાના પાંદડાના રસ જેવા ઉપાયો અજમાવતા પહેલા હંમેશા તમારા ડોક્ટરની સલાહ લો, કારણ કે તેઓ આપને તેના સલામત અને અસરકારક ઉપયોગ અંગે માર્ગદર્શન આપી શકે છે.

Click Here

# ડમ્પિંગ ગ્રાઉન્ડ અને ઓકટ્રોય નાકાની ખાલી જમીન પર એઈમ્સ હોસ્પિટલ બનાવવાની મુલુંડવાસીઓની માંગ


મુલુંડ પૂર્વમાં PAPનો મુદ્દો ભારે ગરમાયો છે ત્યારે હવે ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેની બાજુમાં બંધ પડેલા ઓકટ્રોયનાકા અને ડમ્પિંગ ગ્રાઉન્ડની ખાલી જગ્યા પર ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS) હોસ્પિટલ, એસટીનું બસ ટર્મિનસ, સંસ્કૃતિક કાર્યક્રમો માટે નાટ્યગૃહ, રેપિડ એક્શન ફોર્સ, કેન્દ્રીય રીઝર્વ પોલીસ દળ (સીઆરપીએફ) માટે કેમ્પ બનાવવાની માંગ સાથેનું અભિયાન હરિઓમ નગરના રહેવાસીઓ દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે.જેના માટે હરિઓમ નગર એપેક્સ બોડી ફેડરેશન (HONAFE) નામના સંગઠને મુલુંડના બે હજારથી વધુ લોકોની સહીઓ સાથે રાજ્યના મુખ્યમંત્રી એકનાથ શિંદે અને નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને એક મેમોરેન્ડમ આપ્યું છે. આ સહી અભિયાન ઓનલાઈન પણ ચલાવવામાં આવી રહ્યું છે.


જો કે, ૨૦૧૭માં પણ, મુલુંડના હિલસાઇડ રેસિડેન્ટ્સ વેલ્ફેર એસોસિએશન (HRWA) ના ભરત સોનીએ પણ આવી જ માંગ કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનને પત્ર લખ્યો હતો.તત્કાલિન સાંસદ મનોજ કોટકેપણ આવી જ માંગ કરી હતી. મુલુંડના લોકોનું કહેવું છે કે રાજ્ય સરકાર પ્રોજેક્ટ અસરગ્રસ્ત વિસ્તારોના રહેવાસીઓને મુંબઈના વિવિધ સ્થળોએથી મુલુંડમાં સ્થાનાંતરિત કરવાની યોજના બનાવી રહી છે, જેના કારણે આગામી દિવસોમાં વસ્તીની દ્રષ્ટિએ મુલુંડ ખૂબ ગીચ બની જશે. લોકોને વાહનવ્યવહાર અને તબીબી સુવિધાઓમાં ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડશે. હાલમાં, મુલુંડમાં પૂરતી જગ્યા છે જ્યાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS) હોસ્પિટલ, રાજ્ય પરિવહન બસ ટર્મિનસ અને સાંસ્કૃતિક કેન્દ્ર અહીં બનાવીને આ સમસ્યાને હળવી કરી શકાય તેમ છે.

એસટીનું બસ ટર્મિનસ અને હોસ્પિટલની માંગને જરૂરી જણાવતાં હરિઓમ નગરના નાગરિકો કહે છે કે તેઓ રાજ્ય પરિવહનની બસો દ્વારા મુસાફરી કરવા માટે થાણે, કુર્લા નેહરૂ નગર જાય છે. જો અહીં બસ સ્ટેન્ડ બનાવવામાં આવે તો મુંબઈ અને થાણેના લોકોને ઘણી સુવિધા મળશે. સારવાર માટે મુલુંડ કે થાણાના લોકોને પરેલ કેઈએમ, સાયન, રાજાવાડી જેવી હોસ્પિટલો પર નિર્ભર રહેવું પડે છે. અહીં પૂરતી જગ્યા છે જ્યાં મોટી હોસ્પિટલ કે એઈમ્સ પણ બનાવી શકાય, સરકારે આ અંગે વિચારવું જોઈએ.









**Click Here**

# શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ તથા રઘુવીર ફાઉન્ડેશનના સંયુક્ત આયોજનથી શરદોત્સવ કાર્યક્રમ





શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ અને રઘુવીર ફાઉન્ડેશનના ઉપક્રમે શનિવાર, તા. ૧૯ ઓક્ટોબર સાંજના ૫ વાગ્યાથી રાત્રે ૧૨ સુધી ગોલ્ડ સેલિબ્રેશન બેન્કવેટ હોલ (એસી )ચેકનાકા ડપીંગ રોડ ખાતે શરદોત્સવનું આયોજન કરવામાં આવેલ, જેમાં ૧૦૦૦ થી વધુ યુવક/યુવતી, મહિલા તેમજ પુરુષો સામેલ થયા હતા. ગ્રુપ મુજબ ૪ વર્ષ થી ૧૫ વર્ષ, ૧૬ થી ૪૦ વર્ષ અને ૪૦ થી ઉપર ૮૦ વર્ષ સુધીના લોહાણા પરિવાર ની મહિલાઓ તેમજ પુરુષોએ મન મૂકીને રાસ ગરબા નો લાભ લીધો. સાંજના સાત ના ટકોરે માતાજીની આરતી કરી, જેમાં સમાજના વિવિધ અગ્રણીઓ તેમજ સંસ્થાઓના પદાધિકારી એ ભાગ લીધો. ત્યાર બાદ રાસ ગરબાની રમઝટને આવેલા રસિકો એ મન ભરીને માણ્યું. પહેલા બ્રેક પહેલા સમાજના આઇકોનિક પ્રભાવ પાડતી વ્યક્તિઓને સન્માનિત કરાયા, વચ્ચે વચ્ચે પધારેલ મહાનુભવોનું સન્માન થતું રહ્યું. આવેલ દરેક વ્યક્તિએ જય કેટરર્સ (નિશાંત ભાઈ કારિયા) બનાવેલ સુપર ડિનરનો લાભ લીધો. ત્યાર બાદ પહેલા બ્રેક પછી રાસ રમઝટ ચાલુ રહીને અંતમાં દરેક વય ગ્રુપના વિનર/રનર અપ ને ગિફ્ટ ટ્રોફી આપી સન્માનિત કરાયા જેમાં જયુરી તરીકે રઘુવીર ટીમની બહેનોએ સેવા આપી. સંપૂર્ણ કાર્યક્રમ પ્રમુખ શ્રી નીતિનભાઈ ગોદાવરીબેન ગંગારામ પાંધીના પૂર્ણ દેખરેખ હેઠળ તેમજ કન્વીનર ભાવિકભાઈ તન્ના, પંકજભાઈ ગણાત્રા, વિપુલભાઈ ઠક્કર, સંજયભાઈ કોટેચા, પંકજભાઈ કારિયા તેમજ વિશેષ સહયોગ શ્રીમતી હેતલ બેન નીતિનભાઈ પાંધી, શ્વેતા ભાવિકભાઈ તન્ના, ભાવનાબેન કૌશિકભાઈ ઠક્કર તથા મુંબઈ મહાજનના દરેક પદાધિકારી તેમજ રઘુવીર ટીમ (મહિલા-પુરૂષ)ના મેમ્બરો એ સહયોગ આપ્યો હતો.

# મુલુંડ વિધાનસભા ભાજપના ચૂંટણી ઉમેદવાર મિહિર કોટેચાને જશરાજ દાદા મંડળ દ્વારા અભિનંદન અપાયા



મુલુંડમાં લોકહીતના કાર્યો થકી લોક હૃદયમાં અનેરુ સ્થાન પ્રાપ્ત કરનારા વિધાનસભ્ય મિહિર કોટેચાને ભાજપ તરફથી બીજી ટર્મ માટે ઉમેદવારી અપાઈ છે.

જશરાજ દાદા મંડળના ઉપપ્રમુખ હીરાલાલ મૃગ, મહામંત્રી લાલજી સર અને પ્રકાશ ચંદે એ મિહિર કોટેચાને મંગળવાર, તા.૨૨ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ તેમના સેવા કાર્યાલયમાં રૂબરૂ મળી શુભેચ્છાના પ્રતિકરૂપે બુકે અને અભિનંદન પત્ર આપી ચૂંટણીમાં વિજય પ્રાપ્ત કરે એવી શુભકામનાઓ આપી હતી.


Cordial Invitation

MULUND EAST VYAPARI ASSOCIATION WELFARE TRUST

M.E.V.A. Mulund East Vyapari Association

We cordially invite you for the Inauguration Ceremony of

"MEVA CHEMOTHERAPY DAY CARE CENTER"

Sponsored By

*Smt. Jayaben Sunderji Mulji Shah*

Supported by

*Matushree Hansaben Damji Meghji Soni Family &*
*Matushree Bhachibai Shamji Vishram Sotta Family*

*The occasion will be graced by Pujya SatShri*




Date: 24 October, 2024
Time: 11.00 am onwards
Venue: 5, 1st Floor, Sotta Bhuvan, LT Road, Near Railway Station, Mulund (E), Mumbai- 400081

- *Event will be followed by Lunch*
- *Valet Parking Available*


# શુલભ જૈનની ફરિયાદ બાદ મહાવિતરણે નવું કંટ્રોલ બોક્સ લગાવ્યું




મુલુંડ વેસ્ટમાં મહાકવિ કાલિદાસ માર્ગ પર ચાણક્ય બિલ્ડીંગ પાસે છેલ્લા કેટલાય મહિનાઓથી મહાવિતરણનું કંટ્રોલ બોક્સ સડેલી અને તૂટેલી હાલતમાં ખુલ્લું પડ્યું હતું, જેના કારણે અહીં વરસાદની મોસમમાં અવારનવાર શોર્ટ સર્કિટ પણ થતી હતી, જે અહીંના નાગરિકો માટે ખૂબ જોખમી હતું.આ અંગે શુલભ જૈનની ફરિયાદ બાદ મહાવિતરણે નવું કંટ્રોલ બોક્સ લગાવ્યું સ્થાનિક નાગરિકોએ લોકસેવક શુલભ જૈનને જાણ કરી હતી.

શુલભ જૈને આ બાબત સોશિયલ મીડિયા દ્વારા સંબંધિત વિભાગને જાણ કરી હતી. ત્યારબાદ મહાવિતરણના મુખ્ય ઇજનેર શ્રી રાજેશ થુલએ આ બાબતને ગંભીરતાથી લીધી હતી અને ફરિયાદના માત્ર બે દિવસમાં જ આ બોક્સનું સમારકામ કરી નવું બોક્સ લગાવવામાં આવ્યું હતું. કોઈ મોટી દુર્ઘટના થાય તે પહેલાં સમયસર ઈલેક્ટ્રિકના ખુલ્લા કંટ્રોલ બોક્સનું સમારકામ કરાવવા બદલ સ્થાનિક નાગરિકોએ શુલભ જૈન અને મહાવિતરણનો આભાર માન્યો હતો.

## હરીશ ખોંભડીયા પ્રસ્તુત ઈર્શાદ ગઝલ કોર્નર...

### ..આપણને નહીં ફાવે..

મન મૂકીને વરસો, ઝાપટૂં આપણને નહીં ફાવે,
અમે હેલીનાં માણસ, માવઠું આપણને નહીં ફાવે.
કહો તો માછલી ની આંખમાં ડૂબકી દઈ આવું,
પણ છિછરૂં ખાબોચિયું આપણને નહીં ફાવે.
તું નહિં આવે તો એ ન આવવાનું એકવાર ફાવસે પણ
ઘરે આવી તારૂં પાછા જવું આપણને નહીં ફાવે.
'ખલિલ' અણગમતા નો ગમતો કરી લેવું નથી ગમતું,
ભલે તમને બધાને ફાવતું... આપણને નહીં ફાવે...



ખલીલ ધનતેજવી
સંકલન :હરીશ ખોંભડીયા


Your Business Advertisement In Our SOCIAL MEDIA Contact : 9322257731

Click Here


# મારા ડાયરીના થોડા પાનાં : 'ઉત્તરકાશી જે.કૃષ્ણમૂર્તિ સેન્ટરની મુલાકાત'

સમગ્ર માનવજાતની વાર્તા જીવન કહાણી તમારા પોતાનામાં જ છે. આ વાર્તા એટલે અપાર અનુભવ ઊંડે સુધી ફેલાયેલો ભય, ચિંતાઓ, સુખદુઃખ અને અનંતયુગથી સંગ્રહેલી માન્યતાઓ કે જે માનવીએ પોતાનામાં સંગ્રહેલી માન્યતાઓ, કે જે માનવીએ પોતાનામાં સંગ્રેહલી છે. તમે જે એ પુસ્તક છે એ કોઈ પ્રકાશ કે પ્રકાશિત નથી કર્યું.

એ કોઈ બજારમાં વેચવા માટે નથી એ માટે તમો કોઈ વિશ્લેષક પાસે નહી જઈ શકે. કેમકે એનું પોતાનું જીવન પુસ્તક તમારા જેવું જ છે અને એ પુસ્તકો સાવધાનીપૂર્વક ધીરજથી અચકાતા મન સાથે વાંચયા વિના જે સમાજમાં આપણે રહીએ છીએ જે સમાજ ભ્રષ્ટ અનૈતિક છે. તેને તમે કદી બદલી નહી શકો. જ્યાં મોટા પ્રમાણમાં અતિ દારૂણ ગરીબ અન્યાય વગેરે છે. કોઈપણ સંવેદનશીલ વ્યક્તિ ચારે તરફ અરાજકતા ભ્રષ્ટાચાર અને યુધ્ધમય દુનિયાની વર્તમાન દશા વિશે ચિતંત હશે જ તેમાં સૌથી માટો અપરાધ યુધ્ધ છે.

આપણા સમાજની સમગ્ર વ્યવસ્થા અને બંધારણમાં મૂળભૂત પરિવર્તન કાજે આ પુસ્તક જ તમે પોતે જ છો. અને સમજવાની ક્ષમતા અતિ જરૂરી છે. તમે પોતે જ છો, અને સમજવાની ક્ષમતા અતિ જરૂરી છે. જે સમાજમાં આપણે જીવીએ છીએ એને આપણામાંના પ્રત્યેક આપણા માતા પિતા, દાદા-દાદી વગેરે પૂર્વજો એને રચ્યો છે. બધા મનુષ્યોએ સમગ્ર માનવ માટે આ સમાજનું સર્જન કર્યું છે. જો તેમાં પરિવર્તન નહી આવે તો વધુને વધુ ભ્રષ્ટાચાર અધિક યુધ્ધો છે.

મોટા પ્રમાણમાં માનવીય મનની સંવેદનશીલતા નષ્ટ થશે. એટલા માટે જીવનનું પુસ્તક જે તમે પોતે જ છો જીવનનું પુસ્તક કે જે તમે પોત જ છો. તેને સાંભળવાની શ્રવણકળા ખીલવવી




પડશે કે આ જીવન-પુસ્તક શું કહેવા માંગે છે એ સમજવું અત્યંત જરૂરી છે.

સાંભળવું એટલે ? પુસ્તક જે કહેવા માગે છે તેનું અર્થઘટન ન કરવું એનું અવલોકન કરવું જેમ તેમ આકાશમાં વાદળાને માત્ર જુઓ છો તમે વાદળાને નિહાળવાની આ ક્રિયામાં તમે જે કંઈ જ કરી નહી શકો પવનમાં ઝુલતા તાડપત્રોને કે સૂર્યાસ્તના સૌદર્ય વિશે કંઈક જ નહી કરી શકો તમે કેવળ જુઓ. આ બધા વિશે તમે કાંઈ જ ફેરફાર કરી નહીં શકો એને ધ્યાનપૂર્વક સાંભળવાની સંવેદનશીલતા હોવી અત્યંત જરૂરી છે.

આ પુસ્તક જે તમે પોતે જ છો એ તમને સમગ્ર જીવનનું દર્શન કરાવશે.

પોતાની આરપાર વિચાર સર્જેલા અવકાશમાં પ્રેમ હોતો નથી. આ અવકાશ મનુષ્યનો મનુષ્યથી છૂટો પાડે છે. અને તેમાં જ કંઈક થવાની ક્રિયા જીવસંગ્રામ તથા ચિંતા અને ભય રહેલા છે. આ અવકાશનો હું નો અંત તે ધ્યાન છે. અને પછી અરસ પરસનો હું નો અંત છે ધ્યાન છે. અને પછી અરસ પરસનો સંબંધ કોઈ જુદો જ અર્થ ધરાવે છે. કારણ કે વિચાર જેનું સર્જન નથી કર્યું એવા અવકાશમાં અન્યનું અસ્તિત્વ હોતું નથી.

કોઈ દર્શન પામવાની મથામણ તે ધ્યાન નથી. પછી તમે આવા દર્શનને રૂઢિ દ્વારા પવિત્ર ગણવામાં આવતું હોય. જ્યાં વિચાર પ્રવેશ કરી શકે નહી. એવો અનંત અવકાશ તે ધ્યાન છે. વિચારે પોતાની આસપાસ જે નાનો અવકાશ સર્જયો છે અને જે હુ છે તે આપણા માટો અત્યંત મહત્વનો છે. કારણ કે મન આટલુ જ જાણે છે અને તે એ અવકાશમાં આવેલી દરેક વસ્તુ સાથે પોતાની જાતને જોડી દે છે અને આ અવકાશમાં કાંઈ ન થવાનો ભય જન્મે છે.

જ્યારે આ સમજાય છે. ત્યારે ધ્યાનમાં મન અવકાશમાં એક એવા પરિણામ પ્રવેશી શકે છે કે જ્યાં અ કર્મ જ કર્મ બને છે. પ્રેમ શું છે તે આપણે જાણતાં નથી. કારણ કે હું તરીકે મને પોતાની આસપાસ જે અવકાશ ઉત્પન્ન કર્યા છે. તેમાં પ્રેમ હું અને તું નો સંઘર્ષ છે. આ સંઘર્ષ આ ત્રાસ તે પ્રેમ નથી વિચાર તો પ્રેમનો જ નકાર છે અને જ્યાં હુ તું અસ્તિત્વ નથી. એવા અવકાશમાં વિચાર પ્રવેશી શકે નહી. મનુષ્ય જેને ઝંખે છે. પણ પામી શકતો નથી. એવો આશિર્વાદ આ અવકાશમાં રહેલો છે.

૨૦ વરસ પહેલા ઉત્તરકાશી જે. કૃષ્ણમૂર્તિ સેન્ટરમાં ૧૦ દિવસ રહેવાનું થયું હતું ત્યાં આ લેખ લખવામાં આવ્યું.







Click Here

Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**





# ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટની આડમાં મુલુંડની જમીન અદાણીને આપવા વિરુદ્ધ કોંગ્રેસનું જોરદાર વિરોધ પ્રદર્શન




ધારાવી રિડેવલપમેન્ટ પ્લાનની આડમાં અદાણી ગ્રુપને મુલુંડ અને અન્ય વિસ્તારોમાં જમીન આપવાના નિર્ણય સામે વિરોધ વેગ પકડી રહ્યો છે. કોંગ્રેસના પ્રવક્તા રાકેશ શેટ્ટીએ આ મુદ્દે મુલુંડમાં એક સભાનું આયોજન કર્યું હતું. આ સભાનો મુખ્ય ઉદ્દેશ ઉપમુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને મુલુંડના વિધાનસભ્ય મિહિર કોટેચાની સામે ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ બાબતે વિરોધ કરવાનો હતો. આ સભામાં રાકેશ શેટ્ટીએ આ બંને નેતાઓને ચશ્માં મોકલતાં કહ્યું કે આ ચશ્માં તેમને પહેરવા જોઈએ જેથી તેઓ તેમણે કરેલા વાયદો સારી રીતે જોઈ શકે. તેમણે આરોપ કર્યો હતો કે લોકસભાની ચૂંટણી વખતે કરાયેલા ખોટા વાયદાઓ બાદ મુલુંડની ૫૮ એકર જમીન અદાણી ગ્રુપને આપવામાં આવી રહી છે. લોકસભાની ચૂંટણી સમયે નાગરિકોને કહેવામાં આવ્યું હતું કે આ જમીનનો ઉપયોગ ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે કરવામાં નહીં આવે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ નિર્ણયથી મુલુંડની પહેલેથી જ નબળી માળખાકીય સુવિધાઓ ઓર વધુ દબાવમાં આવી જશે. વરસાદની મોસમમાં પહેલાંથી જ પાણી ભરાવાની સમસ્યાથી ઝૂઝી રહેલું મુલુંડ ઓર વધારે ખરાબ સ્થિતિમાં ફસાઈ શકે છે. તેમણે આ નિર્ણયને ફક્ત મુલુંડ જ નહીં, પરંતુ સમગ્ર મુંબઈને લૂંટવાનુ કાવતરૂં ગણાવ્યું.

આ સભામાં ઉપસ્થિત વર્ષા ગાયકવાડએ કહ્યું હતું કે જો મહા વિકાસ અઘાડીની સરકાર સત્તામાં આવશે તો આ નિર્ણયને રદ્દ કરશે. એમણે આશ્વાસન આપ્યું કે ધારાવીના પુનર્વિકાસમાં ધારાવીના રહેવાસીઓનું ધારાવીમાં જ પુનર્વસન કરવામાં આવશે અને અદાણી ગ્રુપને ખેરાતમાં આપવામાં આવી રહેલી મુલુંડ અને અન્ય સ્થળોની જમીનનો નિર્ણય રદ્દ કરવામાં આવશે. આ સભામાં કોંગ્રેસના ૬ બ્લોક અધ્યક્ષ, સેવાદલ, એનએસયુઆઈ, યુથ કોંગ્રેસ અને ઈંટકના સભ્યો ઉપસ્થિત હતા.










Click Here

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ વિશેષ પૂર્તિ ૨૦૨૪

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26





# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન-પાંજી ધરોહર 3.0





**Click Here**

# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન-પાંજી ધરોહર ૩.૦







શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩/૨૪ માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સન્માન કાર્યક્રમ રવિવાર તા. ૧૩ ઓક્ટોબરના બપોર ના ૦૩.૦૦ કલાકે સમૃધ્ધિ બેંકવેટ ખાતેના વિશાળ સભા ખંડમાં ઉત્સાહપૂર્વક ઉજવાયો. કાર્યક્રમની શરૂઆતમાં સૌ વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેસન બાદ સર્વે આમંત્રિત મહેમાનો અને પધારેલા જ્ઞાતિજનોને ચા પાણી, નાસ્તા દ્વારા આવકાર્યા હતા.

સમારોહની શરૂઆતમાં મંડળના પ્રમુખ શ્રી મયુર મણિકાંત ધુલ્લાએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ સર્વ જ્ઞાતિજનોને આવકાર આપ્યો હતો. ત્યારબાદ બંને સૌજન્ય દાતા પરિવાર તથા આમંત્રિત ત્રણે યુવા પ્રતિભા અને મંડળના પદાધિકારીઓ દ્વારા શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાન, શ્રી સરસ્વતી માતાજી અને જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથાની છબીને માલ્યાર્પણ કરી દીપ પ્રાગટય વિધિ કરવામાં આવી હતી, ત્યારબાદ સેજલ જીતંન દંડ દ્વારા નવકાર મંત્ર અને સરસ્વતીવંદનાનું પઠન કરવામાં આવેલ.

આ વર્ષ ના ‘‘સરસ્વતી સન્માન’’ કાર્યક્રમના સૌજન્ય દાતા મુલુંડમાં વસવાટ કરતા માતુશ્રી ધનલક્ષ્મીબેન સૂર્યકાંત લોડાયા હસ્તે કોમલ મેહુલ લોડાયા પરિવાર (રવા-મુલુંડ) તથા માતુશ્રી નિર્મલાબેન વિનોદ મોતા પરિવાર (કુવાપધર-મુલુંડ) રહ્યા હતા. આ બંને દાતા પરિવારનો પરિચય મંડળ વતી ભૌમિક પંકજ લોડાયા અને ડાયમંડ અશોક દંડ એ આપ્યો હતો.

દાતા પરિવાર વતી શ્રી મેહુલ સૂર્યકાંત લોડાયા અને શ્રી કલ્પેશ વિનોદ મોતાએ તેમના જીવન પ્રવાસનું વર્ણન કરીને હાજર રહેલ વિદ્યાર્થી ઓને પ્રેરણાદાયી વક્તવ્ય આપી સફળ ભવિષ્ય તરફ દોરી જવા માટે પ્રોત્સાહિત કરેલ. મંડળ દ્વારા આ વર્ષના દાતા પરિવારોને સુંદર સ્મૃતિચિન્હ ભેટ આપવામાં આવ્યા હતા.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન વિવિધ અભ્યાસક્રમના ધોરણ ૧ થી પોસ્ટ ગ્રેજ્યુએટ પરીક્ષામાં ઉચ્ચ ગુણાંકો સાથે ઉતીર્ણ થયેલા ૫૩ બાળકો અને યુવાનોનું સર્ટિફિકેટ, મેડલ અને ભેટ દ્વારા દાતા પરિવારોના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.

દર વર્ષની જેમ આ વર્ષે પણ મંડળ દ્વારા જ્ઞાતિના યુવાનો (Young Achievers) એ હાંસલ કરેલી અનેરી સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી.

જેમાં સૌ પ્રથમ Young Achiever હતા માત્ર ૯ વર્ષની ઉંમરના ઈવાન હર્ષિત લાલકા, ઈવાનનો પરિચય મંડળવતી નિશાંત સંજય નાગડાએ આપેલ. ઈવાને સ્વિમિંગમાં માસ્ટરી મેળવી છે. માત્ર ૯ વર્ષની ઉંમરનાં ઈવાનએ મહારાષ્ટ્ર સ્ટેટ લેવલ પર ૨૭ મેડલ મેળવ્યા છે. એમાં થી ૨૩ ગોલ્ડ મેડલ મેળવ્યા છે. તેમજ ૫ ચેમ્પિયનશિપ ટ્રોફી પણ મેળવી છે.

બીજા Young Achiever હતા વિધિ ધર્મેશ લોડાયા, વિધિનો પરિચય મંડળ વતી પારસ લહેરચંદ નાગડાએ આપેલ. વિધિએ રોલ બોલમાં ફક્ત ૪ વર્ષની ઉંમરથી શરૂઆત કરીને અનેરી સિદ્ધિ મેળવી છે. મહારાષ્ટ્ર રાજ્યને નેશનલ ગેમ્સમાં ૭ વર્ષ પછી ગોલ્ડ મેડલ જીતાડીને અનોખું સ્થાન મેળવ્યુ છે. વિધિ Roll Ball સાથે ક્રિકેટ પણ રમે છે અને હવે ડિસ્ટ્રીકટની ટીમમાં પણ ભાગ લેશે.

ત્રીજા Young Achiever હતા હર્ષ ચંદ્રેશ શિયાલ, હર્ષનો પરિચય મંડળ વતી અનિક નરેન્દ્ર ધરમશી દ્વારા આપવામાં આવેલ. હર્ષ શિયાલ, જેઓ પર્વત પ્રેમી છે. પર્વતારોહણમાં તેમણે અગણિત સિદ્ધિઓ મેળવી છે. ૨૦૧૪ થી શરૂઆત કરીને હમણાં સુધી દેશ વિદેશથી Mountaineering નાં વિવિધ કોર્સ તેમણે પૂર્ણ કયો છે. તેમજ હાલમાં તેઓ શાળા નાં બાળકો તેમજ અન્યોને દેશ અને વિદેશમા તાલિમ આપી રહયા છે.

આ ક્ષણે ત્રણે યુવા પ્રતિભાઓએ પોતાની કારકિર્દીના ઘડતર દરમ્યાનના અનુભવો અને વડીલો તેમજ પરિવાર તરફથી મળેલ પ્રોત્સાહન, સહકાર અને સમજની વાતો વગોળી હતી. મંડળે ત્રણે યુવા પ્રતિભાઓના પરિવારોને મંચ પર બોલાવી અભિનંદન આપેલ ત્યારે હાજર રહેલ જ્ઞાતિજનો એ તાળીઓના તાલે અભિવાદન કરેલ. મંડળ દ્વારા આ ત્રણે યુવા પ્રતિભાઓને સુંદર સ્મૃતિચિન્હ ભેટ આપવામાં આવ્યા હતા.

મંડળની સ્થાપના વર્ષ ૧૯૬૪માં થઈ હતી અને ૬૦ વર્ષની અવિરત સફળ Journey ને વધાવવા નવા લોગોનુ જ્ઞાતિજનો સમક્ષ અનાવરણ કરવામાં આવ્યુ હતું.

૬૦ વર્ષની આ journey ને આગળ વધારવા મંડળ દ્વારા યુવા પાંખ (Youth Wing)ની રચના કરવામા આવી હતી. નવનિયુક્ત સમિતિના સભ્યોને સ્ટેજ પર બોલાવી જ્ઞાતિજનો સાથે પરિચય કરાવવામાં આવ્યો હતો.











Click Here

# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન-પાંજી ધરોહર ૩.૦





### મુખ્ય સમિતિ

મયૂર મણિકાંત ધુલ્લા-પ્રમુખ,
યશોધન રાયચંદ કારાણી-ઉપપ્રમુખ,
જીગ્નેશ કુંવરજી મોતા-સેક્રેટરી,
રાજેન્દ્ર મુલચંદ ધુલ્લા
જોઈન્ટ સેક્રેટરી,
રોપિન જયચંદ નાગડા-ખજાનચી.





### મહિલા વિભાગ- લેડીઝ વિંગ

વિરાજ મયૂર ધુલ્લા-પ્રમુખ,
લતા ભાગચંદ કારાણી-ઉપપ્રમુખ,
કાશ્મીરા પ્રેમ ચુર્લા-સેક્રેટરી,
સેજલ જીનતન દંડ
જોઈન્ટ સેક્રેટરી,
રાની રોપિન નાગડા-ખજાનચી

### યૂવા ટીમના સભ્યો

કુશ હિરેન નાગડા, ધ્વની નિશાંત નાગડા, યશ વિરેન્દ્ર લોડાયા, સાક્ષી કલ્પેશ લોડાયા, મહેક જીજ્ઞેશ મોતા, શ્રેયા ભાવિન ખોના, ઈન્દર લાજેશ લોડાયા, નેમિશ નીરજ લોડાયા, નેન્સી કુમાર નાગડા, મૌલિક જય ખોના.

મંડળના સમાજલક્ષી વિવિધકાર્યને આગળ ધપાવવા હાલના પદાધિકારીઓએ ''NEEV'' યોજનાની વિગતો ફરી એકવાર હાજર રહેલ જ્ઞાતિજનો સમક્ષ આપી હતી અને જેમ ટીપે ટીપે સરોવર ભરાય તેમ એક એક ''NEEV'' દ્વારા સમાજના ભવિષ્યના ઘડતરમાં સહભાગી થવાની ફરી એકવાર હાકલ કરી હતી. જેનો સુંદર પ્રતિસાદ સૌજન્ય દાતા પરિવારો, હાજર મહાનુભવો અને જ્ઞાતિજનો તરફથી ''NEEV'' યોજનામાં સરસ યોગદાન દ્વારા મંડળને પ્રાપ્ત થયો હતો.

કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન વિરાજ મયુર ધુલ્લા અને જીગ્નેશ કુંવરજી મોતા એ સફળતાપૂર્વક સંભાળ્યુ હતું.

આ કાર્યક્રમ બાદ મહિલા વિભાગનો વાર્ષિક કાર્યક્રમ




પાંજી ધરોહર ૩.૦ ની શરૂઆત પ્રમુખશ્રી વિરાજ ધુલ્લા દ્વારા સુંદર પરિચય સાથે થઈ હતી. પ્રોજેક્ટર પર જ્ઞાતિનો ઈતિહાસ સ્લાઇડ શો દ્વારા બતાવવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં આપણી જૂની રહેણીકરણી, નૃત્ય તેમજ પહેરવેશની રજૂઆત દ્વારા હવે આપણે આપણી સંસ્કૃતિને જાળવી રાખીને કઈ રીતે transform થયા છીએ તે નાટક, નૃત્યો અને ફેશન શો દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં ભાગ લેવા માટે જ્ઞાતિજનો નો જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો.

શરૂઆતમાં સંક્ષિપ્ત નાટક દ્વારા પહેલાના જમાનામાં ઘરમાં વડીલો પ્રત્યે રખાતી માન મર્યાદાને રીતિ રિવાજોનુ આબેહુબ વર્ણન પ્રસ્તુત કરવામા આવ્યું હતુ, જ્યારે બીજા ભાગમાં આજના જમાના પ્રમાણે વડીલો અને યુવાઓએ લીધેલા સુવિચરિત બદલાવો દ્વારા રખાતા સુમેળનું સુંદર ઉદાહરણ દર્શાવવામા આવ્યું હતુ.

ત્યાર બાદ સૌ પ્રથમ આપણી પરંપરાગત રમતો જેમ કે તામડી નૃત્ય, ઢોલ રાંધ એવમ રાસનું સુંદર પ્રદર્શન મુલુંડના મહિલા સભ્યો દ્વાર પ્રસ્તુત કરવામાં આવેલ.



### મુખ્ય સમિતિના સભ્યો

મહેશ હંસરાજ દંડ, કલ્પેશ ખીમજી લોડાયા, તેજસ બકીમચંદ લાલકા, સંદીપ નવીનચંદ્ર લોડાયા, પ્રેમ ગુલાબચંદ ચુર્લા, અનિક નરેન્દ્ર ધરમશી, ભૌમિક પંકજ લોડાયા, ડાયમંડ અશોક દંડ, નિશાંત સંજય નાગડા,પારસ લહેરચંદ નાગડા.



### મહિલા વિભાગ સમિતિના સભ્યો

દીપા હિરેન નાગડા, ભારતી ડોલર શાહ, છાયા મહેશ દંડ, રીના લાજેશ લોડાયા, હીના રાહુલ મૈશેરી, હેતલ મયૂર લોડાયા, નીતલ હિનેશ લોડાયા, પારૂલ યોગેશ ધુલ્લા, રિંકિતા અંકિત મૈશેરી, જુલી યશ છેડા.

### સ્કીટ - ૧

કલ્પના બકિમચંદ લાલકા,
મિતેશ ઝવેરચંદ લાલકા,
મનીષા મિતેષ લાલકા,
વર્ષા લક્ષ્મીચંદ લોડાયા





### સ્કીટ-૨

કુસુમ વિરેન્દ્ર મેપાણી,
સંજય ચીમનલાલ નાગડા,
સાધના સંજય નાગડા,
ધ્વની નિશાંત નાગડા





જેને આગળ વધારતા આજની પરિણીત વહુઓ એ આપણી પરંપરાગત રમતથી શરૂઆત કરી આજના સમય પ્રમાણે રમતા રાસ ગરબા સાથે સુંદર સમન્વય કરી એક અનેરૂં પ્રદર્શન કર્યું હતુ.



બંને ગ્રુપ દ્વારા પ્રદર્શિત પારંપરિક રાસ ગરબા અને આધુનિક ગરબાના મિશ્રણ દ્વારા સર્જીત થનગનાતા વાતાવરણ વચ્ચે જ્ઞાતિની યુવા દિકરીઓ દ્વારા આજના જમાનાના પ્રચલિત ગુજરાતી લોક ગીત પર સુંદર ગરબાનું પ્રદર્શન કરવામા આવેલ.

મંડળની મહિલાઓ તેમજ દિકરીઓ દ્વારા રાજુ થયેલ ગરબા અને રાસના transformation ને તાળીયોના ગડગડાટ સાથે વધાવી લીધેલ. એક અનોખો ફેશન શો રજૂ કરીને મંડળે ફરી એકવાર મૂળ પરંપરાગત પોશાકમાંથી પુરુષો અને સ્ત્રીઓ અને બાળકો માટેના પરંપરાગત પહેરવેશમાં પરિવર્તનનું વર્ણન કર્યું છે. હાજર પ્રેક્ષકોને પ્રસ્તુત કોન્સેપ્ટ એટલો બધો ગમી ગયો કે શો ફરી એકવાર કરવા માટે ડિમાન્ડ કરી હતી.

આ ફેશન શો દ્વારા મંડળ એ દર્શાવવા માંગતું હતુ કે કપડાના બદલાતા પ્રવાહો સાથે તેઓ ભલે થોડા બદલાયા હોય પરંતુ તેઓ હંમેશા મૂળ પરંપરાગત પોશાકને માન આપે છે અને પ્રેમ કરે છે અને જ્યારે પણ તેમને તક મળે છે ત્યારે તેઓ તેને પહેરવાનું પસંદ કરે છે.

Click Here

# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન-પાંજી ધરોહર ૩.૦

જ્ઞાતિજનોએ રંગબેરંગી કચ્છી પરંપરાગત પોશાકમાં મોટી સંખ્યામાં કાર્યક્રમમાં હાજરી આપી હતી. યુવાનોથી લઈને વરિષ્ઠ નાગરિકો સુધીના સહુએ ઢોલના શહેનાઈના તાલે ૧૨ દાંડિયા, ગરબા, મટુકડી અને ધમાલ જેવી પરંપરાગત રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.



સમારોહ અને સમાજની અગત્યતા સમજીને આદરણીય ધારાસભ્ય શ્રી મિહિર ચંદ્રકાન્ત કોટેચાએ સમારોહમાં હાજરી આપીને સમાજને બિરદાવ્યો હતો. આ કાર્યક્રમમાં હાજરી આપનારા તમામ જ્ઞાતિજનો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો. અંતે તમામ રમતોમાં સ્પોટ ઈનામો આપવામાં આવ્યા હતા અને ત્યાર બાદ વિરાજ ધુલ્લા એ આભારવિધિ કરી હતી.

આ રંગીન સાંજનું સમાપન પ્રતાપ એક્સેલન્સીના સ્વાદિષ્ટ ખાદ્ય વ્યંજનો સાથે થયું હતું.

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ દ્વારા દરેક સભ્યો, દાતાઓ અને આ સમગ્ર પ્રોગ્રામને ભવ્ય સફળતા આપવામાં જેમણે ભૂમિકા ભજવી, એ તમામ લોકોનો સહૃદયથી આભાર માનવામાં આવેલ અને ભવિષ્યમાં પણ આજની જેમ સતત સમર્થન અને પ્રોત્સાહનની અપીલ કરવામાં આવેલ.











## ગાલગોટો નૃત્ય

- તન્વી લોડાયા
- મહેક મોતા
- તન્વી નાગડા
- શ્રુષ્ટિ મૈશેરી
- દીપમ લોડાયા
- વલ્લરી નાગડા
- મમતા લાપસીયા
- નિધિ છેડા





## પારંપરિક નૃત્ય

ભૈરવી લોડાયા, ગીતા મોમાયા, નિલમ નાગડા, છાયા ધરમશી, અવંતિકા મુનવર, પ્રાપ્તિ શાહ, ચૈતાલી દંડ ધારિણી ડાઘા, મનીષા ખોના, પલ્લવી લાપસિયા





## હેલારો નૃત્ય

- ચાર્મી લોડાયા
- શિવાની મૈશેરી
- કોમલ લોડાયા
- હેતલ મોતા
- નૂતન મોતા
- વિધી ખોના
- શીતલ પોલડીયા
- વૃષાલી લોડાયા







## ફેશન શો









- જ્યોત દીપ છેડા
- યૂવાન સચિન લોડાયા
- કલ્પ મેહુલ લોડાયા
- પ્રિશા મેહુલ લોડાયા
- હેન્ના મયૂર ધુલ્લા
- આરના કુણાલ છેડા
- વંશ તેજસ પોલડીયા
- હ્રિદાન જીનતન દંડ
- ખીયા ચાર્લી નાગડા
- ભૂમિ પ્રેમ ચુર્લા
- વૃતિ ભૌમિક લોડાયા
- રોમિલ ભરત લોડાયા
- ક્રેયા રિતેશ દંડ
- ફેલિશા રિતેશ દંડ
- નમ્રતા ચાર્લી નાગડા
- દક્ષા મુકેશ મૈશેરી
- લીના જય ખોના
- મીનલ મેહુલ મોમાયા
- અલ્પા ભાવિક છેડા
- જ્યોતિ પરેશ લાપસીયા
- ચાર્મી દીપ છેડા
- પૂજા ચિંતન ધરમશી
- કુશ હિરેન નાગડા
- મૌલિક જય ખોના
- હંસકુમાર દામજી મૈશેરી
- કુણાલ મહેન્દ્ર મોમાયા
- મહેશ હંસરાજ દંડ

Click Here